# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : આશુતોષ અંતાણી

## કોમ્પ્યુટરરાઈઝડ : આશિષ શાહ

## તારીખ : ૧૪–૧૨–૨૦૧૭ સમય : સવારે : ૬.૫૦

---

## રાજય વિધાનસભા ચુટણી : ૦૧ : આજે બીજા તબકકાનું મતદાન :

ગુજરાત રાજય આજ વિધાનસભાની ૯૩ બેઠકો માટે નું મતદાન હવ સવા કલાક બાદ સવારે આઠ વાગ્યાથી મતદાન શરૂ થશે. જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલશે.

આજના બીજા તબકકામા ઉતર અન મધ્ય ગુજરાતના કુલ ૧૪ જિલ્લામાં આવેલા મત વિસ્તારો નો સમાવેશ થાય છે. ૯૩ બઠકો માટે કુલ ૮૫૧ ઉમેદવારો પોતાનું ભાવિ અજમાવી રહયા છે. આજના મતદાનમાં ૧,૧૫,૪૭,૪૩૫ પરૂષ મતદારો, ૧,૦૭,૪૮,૯૭૭ સ્ત્રી મતદારો અને ૪૫૫ થર્ડ જેન્ડર મતદારો સહિત કુલ ૨,૨૨,૯૬,૮૬૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. દ્વિતીય ચરણના મતદાર માટે ૧૪,૫૨૩ મતદાન સ્થળો પર ૨૫,૫૧૫ મથકો પર મતદાન યોજાશે.

રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીન પટેલ ઉપરાંત કોંગસના અલ્પેશ ઠાકોર, અપક્ષ જીતેશ મેવાણી સહિતના અગ્રણી નેતાઓનું ભાવિ આજના મતદાનમાં ઈવીએમ માં સીલ થશ.

આશુતોષ અંતાણી

---

## રાજય વિધાનસભા ચુટણી : ૦૨ : ચુટણી બંદોબસ્ત :

**રાજય વિધાનસભા ના દિવ્તોય તબકકાના આજે થનારા મતદાન માટે સઘન સુરક્ષા વ્યવસ્થા ગો ઠવવામાં આવી છે. મુકત, ન્યાયી અને શાંતિ પૂવક મતદાન માટે ચૂટણી તંત્રએ આગોતરા પગલાં લોધા છે.**

૨૫ હજારથી વધુ મતદાન મથકમાં ઈવીએમ સાથે વીવી પેટ મશીનોનો ઉપયોગ થશે. પ્રત્યક્ષ મતદાનની શરૂઆત થાય તે પહેલાં દરેક મતદાન મથક ઉપર પ્રિસાઈડિંગ ઓફિસર મોક રાઉન્ડ યોજશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈનએ આજે ગાંધીનગર પત્રકાર
પરિષદ**માં માહિતો આપતા જણાવ્યું હતું કે સલામતીનો સઘન વ્યવસ્થાના ભાગ રૂપે એક લાખથી વધુ પોલીસ** જવાનો ગોઠવવામાં **આવ્યા છે.**

**આશુતોષ અંતાણી**

——————————————————————————————————————

## રાજય વિધાનસભા ચુટણી : ૦૩ : અગ્રણીઓનું મતદાન :

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, ભાજપાના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિત ભાજપના કેન્દ્રિય મંત્રીઓ તેમજ નેતાઓ આવતીકાલે બીજા તબક્કાનું મતદાન કરી લોકશાહીનું પર્વ ઉજવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમદાવાદના રાણીપ ખાતે, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી ખાનપુર ખાતે જ્યારે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ નારણપુરા ખાતે, કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલી ચીમનભાઈ ઈન્સ્ટિટ્યૂટ એસ.જી.હાઈવે , પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ શીલજ ગામ અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ કડી ખાતેથી મતદાન કરશે.

**આશુતોષ અંતાણી**

——————————————————————————————————————

## રાજય વિધાનસભા ચુટણી : ૦૪ : મત ગણતરી વ્યવસ્થા :

વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે ૧૮મી ડિસેમ્બરે રાજ્યભરમાં ૩૭ સ્થળોએ મતગણતરી કેન્દ્રો ઉભા કરાશે. જેમાં અમદાવાદ ખાતે એલ. ડી. એન્જીનિયરીંગ કોલેજ ખાતે (૮ વિધાનસભા મત વિસ્તાર ), ગુજરાત કોલેજ ખાતે (૭ વિધાનસભા મતવિસ્તાર) અને પોલીટેકનીક ખાતે (૬ વિધાન સભા મતવિસ્તાર) ની મતગણતરી હાથ ધરવામાં આવશે. ઉપરાંત સુરત અને આણંદ ખાતે ૨-૨ સ્થળો એ તેમજ બાકીના તમામ જિલ્લાઓ માટે ૧-૧ સ્થળે તે જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મતવિસ્તારો માટે મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવ્યા છ

**આશુતોષ અંતાણી**

---

## ક્રિકેટ : ભારત–શ્રીલંકા : બીજી વનડે મેચ :

**મોહાલી ખાતે ગઈકાલે રમાયેલી ભારત અન પ્રવાસી શ્રીલંકા વચ્ચેની બાજી એક દિવસીય આં તરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ભારતે શ્રીલકાને ૧૪૧ રનથી હરાવી ત્રણ મેચની શ્રેણી અક–એકથી બરાબર ક રી નાખી છે. વિજય માટે જરૂરી ૩૯૩ રનના જવાબમાં પ્રવાસી ટીમ નિર્ધારીત ૫૦ ઓવરમાં આઠ વિકે ટના ભોગે ૨૫૧ રન સુધી સિમિત રહી હતી. ભારતીય સુકાની રોહીત શર્માને મેન ઓફ ધા મેચ જાહેર કરવામાં આવ્યા હતા.**

**આશુતોષ અંતાણી**

---